# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


ક્રમાંક: યોજના/શિક્ષક દિન/૨૦૨૦/૨૩૬ — તા.૨૯/૦૮/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

ભાવનગર

વિષય : સ્કૂલ/કોલેજોમાં ૫ સપ્ટેમ્બર-૨૦૨૦ "શિક્ષક દિન"ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ : (૧ )પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરના પત્રાંક :
પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૨૦/૨૧૧૦-૨૨૫૫ તા.૧૦/૦૮/૨૦૨૦
(૨) કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક :
ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૫૯૧૩ તા.૨૭/૦૮/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે યુવા પેઢીને ઉત્કૃષ્ટ શિક્ષણ અને જ્ઞાન પૂરૂં પાડી તેઓના ભવિષ્યને ઉજ્જ્વલિત કરવા નિઃસ્વાર્થપણે કોઇ પણ પરિસ્થિતિમાં સતત કાર્યરત રહેતા એવા શિક્ષક દર વર્ષની ૫ મી સપ્ટેમ્બર "શિક્ષક દિન" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ શાળા/કોલેજોમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાનને માન આપવા શિક્ષક દિનની ઉજવણી કરવાની રહે છે. જે અન્વયે શિક્ષણ મંત્રાલય, ભારત **સરકારના તા.૨૫/૦૮/૨૦૨૦ ના પત્રમાં જણવ્યા મુજબ, #OurTeachersOurHeroes(જેમાં બાળકો તેમના શિક્ષકના નામ સાથે શિક્ષક પ્રત્યેનો સંદેશ એક પેપર પર લખી સેલ્ફી પોસ્ટ કરશે.) અને #TeachersFromIndia (જેમાં શિક્ષકોને બિરદાવવા/સત્કારવામાં આવશે.)સાથે સોશિયલ મીડિયામાં વર્ચ્યુઅલ ફોર્મેટમાં ઉજવણી કરવા** આથી જણાવવામાં આવે છે.

"શિક્ષક દિન"ની ઉજવણી નિમિત્તે દરેક શાળાઓએ વધુમાં વધુ ફાળો એકત્રિત થાય તેવું આયોજન કરવું. જિલ્લાના ઔદ્યોગિક સંકુલ ઉદ્યોગપતિઓને "શિક્ષકદિન" નિમિત્તે ઉદારતાથી ફાળો આપવા અપીલ કરવી. આ દાન આવક વેરામાંથી મુક્તિ માટે જણાવી શકાય. આ ફાળો એકત્ર કરવાનું અભિયાન તારીખ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિનથી શરૂ કરીને એક અઠવાડિયા સુધી એકત્ર કરી શકાશે. દરેક શાળાએ ફાળો એકત્ર કર્યા બાદ **<u>તા.૧૪/૦૯/૨૦૧૯ (સોમવાર)ના રોજ સાંજે ૫:૦૦ કલાક પહેલા અત્રેની કચેરીમાં શાળાનાં લેટરપેડ સાથે જમાં કરાવવાનો રહેશે. તમામ શાળાઓએ ફક્ત અત્રેની કચેરીને જ ફાળો જમા કરાવવાનો રહેશે, બારોબાર કોઇપણ એકાઉન્ટમાં ફાળો જમા કરાવવો નહિ.</u>** સમયમર્યાદા બાદ આપેલ ફાળો સ્વીકારવામાં આવશે નહિ જેથી

Scanned with CamScanner

ભવિષ્યમાં ઉભા થનાર તમામ પ્રશ્નોની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે. જેની દરેક શાળાએ ગંભીર નોંધ લેવી.

શિક્ષકદિનની ઉજવણીના વિદ્યાર્થીઓએ પોસ્ટ કરેલ ફોટોગ્રાફ yojana.deobhav@gmail.com પર મોકલી આપવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના:**

વાઇસ ચાન્સેલરશ્રી,
શ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી-ભાવનગર(યુનિવર્સિટી કેમ્પસ)
(યુનિવર્સિટી સંલગ્ન સંસ્થાઓ/કોલેજો તમામ ને જાણ કરવા સારૂ)
ભાવનગર

**નકલ રવાના જાણ અને અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી

સદર કચેરી

Scanned with CamScanner